**DATE: 13/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કે.જે.પોલીટેકનિક કોલેજ પરિસરમાં હાલ ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા

# ભરૂચના સ્ટ્રોંગરૂમમાં સીસીટીવી કેમેરાની દેખરેખ માટે 21 કર્મીઓની ટીમ કાર્યરત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ સંસદીય બેઠક માટે 7મીના રોજ મતદાન પૂર્ણ થયા બાદ 1,983 મતદાન મથકો પરથી આવેલાં ઈવીએમ તથા વીવીપેટને ભરૂચની કે.જે. પોલીટેકનીક ખાતે બનાવવામાં આવેલાં સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યાં છે.

પેરામિલીટરી તથા સ્થાનિક પોલીસ મળી કુલ 3 સ્તરમાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્ટ્રોંગરૂમ તથા આખા પરિસરમાં સીસીટીવીની મદદથી પણ નજર રાખવામાં આવી રહી છે. સીસીટીવીના વિઝ્યુઅલ જોવા માટે 21 કર્મચારીઓની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ 3 શીફ્ટમાં કામગીરી કરી રહી છે. સ્ટ્રોંગરૂમની આસપાસ થતી દરેક ગતિવિધિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ 4 જૂનના રોજ મત ગણતરી હાથ ધરવામાં આવશે. ભરૂચ લોકસભા બેઠકમાં આવતી તમામ સાત વિધાનસભામાંથી ઈવીએમ તથા વીવીપેટને કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સ્ટ્રોંગરૂમમમાં લવાયાં બાદ તેને ત્રિસ્તરીય સુરક્ષા પહેરા સાથે રાખવામાં આવ્યાં છે. ભરૂચ લોકસભા બેઠક માટે 7મી મેના રોજ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. મતદારોના ઉત્સાહના કારણે મતદાનની ટકાવારી 70 ટકાને પાર કરી થઈ હતી. હવે ઈવીએમની સાચવણી તંત્ર કરી રહયું છે. સીસીટીવીની દેખરેખ કરતાં કર્મચારીઓને 8 કલાકની શીફ્ટમાં કામ કરાવવામાં આવી રહયું છે.

**DATE: 13/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ટેમ્પો ચાલક પાસે યોગ્ય પુરાવા ન હતાં

# આમલાખાડી બ્રિજ પર 7570 કિલો ભંગાર ભરેલો ટેમ્પો જપ્ત

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરં શહેર બી ડિવિઝન પોલીસ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે એક ટેમ્પામાં વિપુલ માત્રામાં ભંગાર નો જથ્થો આધાર પુરાવા વગર લઈ જવામાં આવી રહ્યો છે.

જે માહિતી આધારે અંઆમલાખાડી બ્રિજ પર વોચ ગોઠવી હતી દરમિયાન માહિતી આધારિત ટેમ્પો આવતા પોલીસે તેને રોકીને સર્ચ કરતા અંદર ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક ભટારામ મધરામ લુહાર પાસે ટેમ્પા માં રહેલ ભંગાર ના જથ્થા અંગે જરૂરી બિલ તેમજ આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે ભંગાર નો 7570 કિલો જથ્થો તથા આઈસર ટેમ્પો મળી કુલ 8.07 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ ટેમ્પો ચાલકની અટક કરી હતી અને તેની વધુ પૂછપરછ શરુ કરાઈ હતી.

**DATE: 13/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

## અંકલેશ્વર જીઆઈડીસીમાં

# ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૨

અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીને ભરૂચ એલસીબી પોલીસે સારંગપુર ગામેથી ઝડપી પાડ્યો હતો.

ભરૂચ જીલ્લા એલ.સી.બી.નો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી સારંગપુરની પદમાવતી સોસાયટીમાં તેના ઘરે છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી મૂળ ઝારખંડ અને હાલ પદમાવતી સોસાયટીના લક્ષ્મણ નગર ખાતે રહેતો જીતેન્દ્રકુમાર શ્યામદાસને ઝડપી પાડી જી. આઈ. ડી.સી.પોલીસને હવાલે કયી હતો.

**DATE: 13/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં શંકાસ્પદ ભંગાર ભરેલા ટેમ્પો સાથે એક શખ્સની અટકાયત

અંકલેશ્વર તા.૧૨

અંકલેશ્વરના રોશની એસ્ટેટ પાસેથી શંકાસ્પદ ભંગાર ભરેલ ટેમ્પો મળી કુલ રૂ.૩.૪૬ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડ્યો હતો.

## કુલ રૂ.૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે લીધો

ભરૂચ જિલ્લા એસ.ઓ.જી. પોલીસનો સ્ટાફ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ટેમ્પોમાં એસ.એસ.ના પાઈપ,એસ.એસ.ના સળીયા, ટાંકી અને એસ.એસ.સ્ટીલ ભરેલો છે.જે ટેમ્પો કાપોદ્રા ગામ તરફથી રોશની એસ્ટેટ બાજુ જઈ રહ્યો હતો જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને બાતમી વાળા ટેમ્પોને અટકાવી તેમાં તપાસ કરતા ૧૪૬૦ કિલો ભંગાર મળી આવ્યો હતો.પોલીસે જરૂરી દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહી આપતા પોલીસે મૂળ યુપી અને હાલ અંસાર માર્કેટમાં રહેતા મોહમંદ મુસ્તાક મોહમંદ ખાલીક શેખને ઝડપી પાડી કુલ રૂ. ૩.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 13/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મકાનના બીજા માળે આવેલાં રૂમમાંથી એક લલના પણ મળી આવી

# નંદેલાવના અંજુમન પાર્કમાં કૂટણખાના પર પોલીસના દરોડા, માતા અને પુત્રની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નંદેલાવ ગામની અંજુમન પાર્ક સોસાયટીમાં રહેતી મહિલા તેના ઘરમાં બહારથી યુવતીઓ બોલાવી કુટણખાનુ ચલાવતી હોવાની અરજી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. અરજીના સંદર્ભમાં પોલીસે વોચ ગોઠવીને કુટણખાના પર ડમી ગ્રાહક મોકલ્યો હતો.

ભરૂચના નંદેલાવ ગામમાં આવેલા અંજુમન પાર્કના એક મકાનમાં ચાલતું કૂટણખાનું એ ડીવીઝન પોલીસે ઝડપી પાડ્યું છે.પોલીસે મકાનમાંથી એક મહિલા અને તેના પુત્રને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ડમી ગ્રાહકે અંજુમન પાર્ક સોસાયટીમાં નાજેરાના ઘરમાં ગયો હતો અને ત્યાં હાજર નાજેરા સાથે શરીરસુખ માટે યુવતીઓ બાબતે પૂછપરછ કરી હતી. આખરે એક હજારમાં સોદો નકકી થતાં નાજેરાએ તેને રૂમમાં જવાનું કહયું હતું. આ સમયે તેણે અન્ય પોલીસકર્મીઓને જાણ કરતા દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે મકાનની તલાશી લેતાં ઉપરના માળેથી એક પુરૂષ અને એક સ્ત્રી કઢંગી હાલતમાં મળી આવ્યાં હતાં. સ્થળ પરથી નાજેરા પઠાણ અને તેના પુત્ર સલીમ પઠાણની અટકાયત કરવામાં આવી હતી. ઉપરના રૂમમાંથી મળી આવેલી લલનાની પણ પોલીસે પૂછપરછ કરી હતી. એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં માતા અને પુત્ર સામે ધી · ઈમોરલ ટ્રાફિક પ્રીવેન્સન એક્ટ 1956 મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બંને પાસેથી મોબાઈલ ફોન તથા 17 હજાર રૂપિયા રોકડા મળી આવ્યાં હતાં.

**DATE: 14/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પતિએ પાપ છુપાવવા મોબાઈલ અને સીમ કાર્ડ તોડી નાખ્યો

# પત્નીએ પતિના ફોનમાં અન્ય સ્ત્રીના મેસેજ અને ફોટા જોઈ લેતાં હોબાળો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ અભયમ ને વાલિયા તાલુકાનાં એક ગામમાં રહેતી મહિલાએ ફોન કરીને જણાવ્યું કે મારા પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ છે, જેના પુરાવા પણ મારી પાસે છે અને પતિના ફોનમાં પર સ્ત્રીના અશ્લીલ ફોટા પણ છે તેમ છતાં પતિ અને પરસ્ત્રી મને ધમકાવે છે

. તેથી અભયમ પીડિત મહિલાપાસે જઈને વધુ મહિતી લેતા મહિલાએ જણાવ્યુ કે પતિ છેલ્લા છ મહિનાથી બાજુના ગામમાં રહી ત્યાં બીજા કોઈની ખેતી સંભાળે છે. અને ઘરે આવતા નથી, તેઓ તહેવારો માજ આવે છે. પણ ઘરે જમતાં નથી ઘરમાં રહેતા નથી, રાત્રે મોડા કોલ ચાલુ આવે છે, તેથી મેં મોબાઈલ ચેક કરતા અન્ય મહિલા સાથે કરેલી ચેટ અને અશ્લીલ ફોટા જોતા પતિને તે મહિલા વિશે પૂછતા ગુસ્સો કરી મને માર મારેલ અને છૂટાછેડા આપી દેવાની ધમકી આપી હતી. , આખરે અભયમ ભરૂચની મદદ માગી તેથી અભયમ ની ટીમે મહિલાના પતિને સમજાવ્યું પણ તે પોતાની ભૂલ માનવા તૈયાર ન હતા. ભૂલ ન પકડાય તે માટે મોબાઈલ અને સીમ કાર્ડ તોડી નાખ્યો તેથી મહિલા સાબિત ન કરી શક્યા. અને મહિલાને ત્યાં જીવ જોખમ લાગતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા અભયમની ટીમે મદદ કરી હતી. ભરૂચ અને નર્મદા જિલ્લામાં અભયમની ટીમને રોજના 2 કોલ મળી રહયાં છે અને તેમાં યુવતીઓ અને પરણિતાઓની સંખ્યા વધારે છે. કોલ મળતાની સાથે અભયમની ટીમ સ્થળ પર પહોંચીને ઝઘડાનું નિરાકરણ લાવવાના મહત્તમ પ્રયાસો કરતી હોયછે.

**DATE: 14/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### વોટ્સએપ પર ગ્રૂપ બનાવી ખેલ ખેલાતો

# તરીયા ગામે આઈપીએલ પર સટ્ટો રમતા યુવક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના તરીયા ગામે આઈપીએલ પર સટ્ટો રમતા યુવક ને ઝડપી પાડ્યો હતો. વોટ્સએપ પર ફ્રેન્ડ ફોર એવર ગ્રુપ બનાવી મિત્રો સાથે સટ્ટો રમાડતા હતા. એલસીબી પોલીસને માહિતી આધારે ઝડપી પાડ્યો હતો. ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. માહિતી મળી હતી કે નવા તરીયા ગામ ખાતે મહાદેવ ફળીયા માં એક ઈસમ આઈપીએલ ક્રિકેટ પર ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યો છે. જે માહિતી આધારે એલસીબી પોલીસે દરોડા પડતા વિશાલ જયરામ પટેલ નામના યુવાન ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તેના મોબાઈલ સર્ચ કરતા અંદર ફ્રેન્ડ ફોર એવર ગ્રુપ બનાવી મિત્રો જોડે મળી આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યો હતો. જે આધારે પોલીસે 5000 કિંમત ના મોબાઈલ જપ્ત કરી વિશાલ પટેલ ની ધરપકડ કરી તાલુકા પોલીસ ના હવાલે કર્યો હતો.

**DATE: 14/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શહેરના મુખ્યમાર્ગો પર આડેધડ પાર્ક કરી દેવાતા વાહનોને કારણે ટ્રાફિકની સમસ્યા વકરી

# ભરૂચમાં 50થી વધુ વાહનો લોક કરી દેવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં દિવસે - દિવસે ટ્રાફિકની સમસ્યા વધુને વધુ વિકટ બની રહી છે. ત્યારે સોમવારે ભરૂચના એ, બી તેમજ સી ડિવિઝન પોલીસની ટીમોએ શહેરના મુખ્ય માર્ગો પર દબાણ કરનારી લારીઓ તેમજ વાહનો સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે દિવસભરમાં મુખ્ય માંર્ગો પર ટ્રાફિક થાય તે રીતે પાર્ક કરાયેલાં વાહનોને લોક માર્યાં હતાં.

ભરૂચના દહેગામ પાસેથી પસાર થતાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના કારણે શહેરના આંતરિક રસ્તાઓ પર વાહનોનું ભારણ વધ્યું છે. તેમાંય શહેરના દહેજ બાયપાસ રોડ પર આવેલી શ્રવણ ચોકડી પર નવા બ્રીજની ચાલી રહેલી કામગીરીને કારણે વાહન ચાલકો શહેરમાંથી પસાર થતાં હોવાને કારણે સમસ્યા વધુ વિકટ બની રહી છે. તેવામાં અનેક વાહન ચાલકો શહેરમાં આડેધડ પાર્કિંગ કરતાં હોવાને કારણે ટ્રાફિક વધી રહી છે. જેના પગલે ભરૂચ એસપી મયુર ચાવડાએ શહેરના માર્ગો પર આડેધડ પાર્ક થતાં વાહનો સામે કાર્યવાહી કરવા સૂચના આપતાં ભરૂચ એ, બી તેમજ સી ડિવિઝન પોલીસની ટીમોએ શહેરના મુખ્ય માર્ગો પર ખાસ કાર્યવાહી શરૂ કરી હતી. ટ્રાફિકને અડચણરૂપ વાહનોને લોક મારી દંડ ફટકારવામાં આવ્યાં હતાં. ઉપરાંત લારીઓ પણ જપ્ત કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યાનુસાર, આગામી એક સપ્તાહ સુધી શહેરી વિસ્તારમાં પોલીસ દ્વારા ખાસ કાર્યવાહી કરવામાં આવશે.




પોલીસે આડેધડ રીતે પાર્ક કરી દેવાયેલાં વાહનોને લોક કરી દીધાં હતાં. નિયમોનો ભંગ કરનારાઓ પાસેથી 50 હજારથી વધુનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

**DATE: 14/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ભરૂચના વેજલપુર ખારવાવાડ વિસ્તારમાંથી પોલીસે બે બાઇક પણ કબજે લીધી

# ચોરીની બાઈકનો કલર બદલી ફેરવતો, સ્પેરપાર્ટ છૂટા પાડી વેચતો ગઠિયો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના વેજલપુર ખારવાવાડ વિસ્તારમાંથી ચોરીની બે બાઈક સાથે એક શખ્સને એલસીબીએ ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી એક એફઝેડ બાઈક સ્પેરપાર્ટ્સ છુટા પાડેલી હાલતમાં તેમજ એક બાઈકનો કલર બદલેલી હાલતમાં જપ્ત કરી હતી. ચોરીની બાઈકને કલર બદલી ફેરવતો હતો. જ્યારે સ્પેરપાર્ટ્સ છુટા પાડી ભંગારિયાને વેચતો હોવાની પ્રાથમિક તબક્કે કબુલાત કરી હતી.

ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી. એ. તુવર તેમજ તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુર વિસ્તારમાં ખારવાવાડ ખાતે રહેતો નઈમ ઉર્ફે શિકારી નાસીર ખારવા(મુસ્લીમ)ના ઘરે ચોરીની બે બાઈક છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડતાં



ત્યાં ત્યાં બે બાઈક મળી આવી હતી. જે પૈકીની એક યામાહા કંપનીની એફઝેડ બાઈકના સ્પેરપાર્ટ્સ છુટા પાડેલાં હતાં. જ્યારે લાલ કલરની ટીવીએસ કંપનીની લાલ કલરની સ્ટાર સિટી બાઈકને કાળો કલર કરેલો હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેથી બન્ને બાઈક ચોરીની હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 14/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરના સજોદ ગામે

# એક જ ફળિયામાં બે જગ્યાએથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા.૧૨

અંકલેશ્વર તાલુકા પોલીસે સજોદ ગામના વાળીનાથ ફળિયામાંથી ૨ અલગ અલગ સ્થળેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## બે બૂટલેગરને વોન્ટેડ જાહેર કરી રૂ.૩૨ હજારનો દારૂનો જથ્થો જપ્ત કર્યો

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો.તે દરમિયાન બાતમીના આધારે સજોદ ગામના વાળીનાથ ફળિયામાં રહેતો જીતેન્દ્ર ઉર્ફે ચીનો અરવિંદ પટેલ પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે.બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડા પાડયા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૩૨૨ નંગ બોટલ મળી કુલ રૂ. ૨૬ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કયી હતો,જ્યારે બૂટલેગર ફરાર થઈ ગયો હતો. બીજી તરફ પોલીસે આવી જ રીતે સજોદ ગામના વાળીનાથ ફળિયામાં રહેતા બૂટલેગર ગિરીશ રણછોડ પટેલના ઘરે દરોડા પાડયા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૧૮ નંગ બોટલ મળી કુલ રૂ.૬ હજારથા વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ સાથે જ પોલીસે બૂટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### હોળી-ધૂળેટીના તહેવારમાં ચોરી કરી હતી

# ભરૂચની બુસા સોસાયટીમાં બંધ મકાનમાં ચોરી કરનાર ચાર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં આવેલી બુસ સોસાયટીમાં રહેતાં અને એસઆરએફ કંપનીમાં આસિ. મેનેજર તરીકે ફરજ બજાવતાં શિખર જોહરી ગત 16મી માર્ચે પરિવાર સાથે હોળી-ધૂળેટીના તહેવારને લઈને વતને ગયાં હતાં. દરમિાનમાં 20મી માર્ચે તેમના રૂમની નીચે રહેતાં મકાન માલિકે ફોન કરી તેમના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાવતાં તેઓ પરત આવ્યાં હતાં. અને ઘટનાને પગલે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમાં ટીમે તેમના ઘરની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં ચોરીની વારદાતને અલ્કેશ ગણાવા તેમજ તેના મળતિયાએ અંજામ આપ્યો છે. તેમજ તે હાલમાં તે ભરૂચના ગોદી રોડ પર આવેલો છે તેવી ચોક્કસ બાતમી કોન્સ્ટેબલ મહિપાલસિંહ તેમજ પંકજને મળતાં પીઆઈ વી. યુ. ગડરિયાના માર્ગદર્શન હેઠળ ટીમે તેને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે બુસા સોસાયટીમાં તેના અન્ય ત્રણ સાગરિતો સાથે મળી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેના પગલે તેના અન્ય સાગરિતોની વિગતો મેળવતાં તેમના નામ પંકજ મંગા ડામોર ( હાલ રહે. સાબુગઢ ઝૂપડપટ્ટી, મુળ રહે. પાંદડી,તા. ગરબાડા, દાહોદ), ગોવિંદ પ્રકાશ ગણાવા તેમજ વિજય દશુ પરમાર ( બન્ને રહે. વરમખેડા, તા. ગરબાડા, દાહોદ) હોવાનું માલુમ પડતાં તેમની પણ ધરપકડ કરી હતી.

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હજીરાથી સલ્ફર વેસ્ટ ભરવામાં આવ્યું

# અંદાડા રોડ પર સલ્ફરનો નિકાલ કરનારો ડમ્પર ચાલક ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 5 દિવસ પૂર્વે નેશનલ હાઈવે નંબર 48 પર અંદાડા- વાધી રોડ પર હોટલ સિલ્વર સેવન પાછળ અજાણ્યા તત્વો દ્વારા સલ્ફર વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો હતો. જીપીસીબીએ પ્રથમ નમૂના લઈ તપાસ શરુ કરી હતી. બીજા દિવસે સલ્ફરને ઉઠવામાં માટે ડમ્પર ચાલક આવતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.તેની પ્રાથમિક પૂછપરછ કરતા ભરત રોડ કેરિયર માલિક ભરત રાજપુરોહિતે હજીરાથી સલ્ફર કેમિકલ ડમ્પર ભરી આપ્યું હતું .જે ડમ્પરનો ચાલક હોટલ સિલ્વર સેવન પાછળ ખુલ્લી જગ્યામાં નાખી ફરાર થઈ ગયો હતો. બી ડિવિઝન પોલીસે ડમ્પર ચાલક મુકેશ નાનજી ડામોર, ભરત રાજપુરોહિત, ડમ્પર માલિક નીતિન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ડમ્પર ચાલક મુકેશ નાનજી ડામોર ધરપકડ કરી વધુ પૂછપરછ શરુ કરી હતી. સ્થળ પર થી સ્લફર કેમિકલ 25 ટન કેમિકલ સહિત કુલ 8 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**DATE: 16/05/2024 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીની ટીમે વધુ તપાસ શરૂ કરી

# ભરૂચમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગોડાઉનમાં ચોરી કરનાર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પોલીસ મથકના વિસ્તારમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગોડાઉનમાં થયેલી ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તાલુકા પોલીસને વધુ તપાસ માટે સોંપ્યો છે.

ભરૂચ એલ.સી.બી.ના પીએસઆઈ એમ.એમ.રાઠોડ અને તેમની ટીમને તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગોડાઉનમાં ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી બળદેવ ઉર્ફે બલ્લુ બાલુભાઈ વસાવા એ કાળા કલરનો સફેદ ચોકડીવાળો શર્ટ તથા કમરે બ્લુ કલરનુ પેન્ટ પહેરેલો છે અને તે ભોલાવ બસ ડેપો ખાતે હાજર હોવાની માહિતી મળી હતી. જેથી એલસીબીની ટીમે તાત્કાલિક ભોલાવ એસટી ડેપો પહોંચી ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી બળદેવ ઉર્ફે બલ્લુ બાલુભાઈ વસાવાને દબોચી લીધો હતો. વધુ તપાસ અર્થે ભરૂચ તાલુકા પોલીસમથકમાં સોંપ્યો છે.

**DATE: 16/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### ભરૂચના નંદેલાવ વિસ્તારની સોસાયટીમાં

# બંધ મકાનમાં ઘરફોડ ચોરી કરનાર ટોળકીના ૪ સાગરિતો ઝડપાયા

ભરૂચ,તા.૧૫

ભરૂચના નંદેલાવ વિસ્તારમાં આવેલી બુસા સોસાયટીમાં બે મહિના પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી પોલીસે તસ્કર ટોળકીના ૪ સાગરિતોને ઝડપી લઈ તેમની પાસેથી ચોરી કરેલો રૂ.૭૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

## પોલીસે તસ્કરો પાસેથી ચોરી થયેલો ૭૦ હજારનો મુદ્દામાલ રિકવર કર્યો, તસ્કરો સોસાયટીના સીસીટીવીમાં કેદ થયા હતાં



નંદેલાવ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી બુસા સોસાયટીના મકાન નંબર-બી-૩૬માં રહેતા ચૈતાલી પંડ્યાએ તેમના ઘરના ઉપરના માળનો રૂમ ભાડે આપ્યો છે, તેમના ભાડૂઆત ગત હોળી-ધૂળેટીના તહેવારમાં વતન ગયા હોવાથી તેમની રૂમ બંધ હતી. આ દરમિયાન તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોનાના દાગીના તેમજ રોકડા રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે તસ્કરો સોસાયટીના સીસીટીવી કેમરામાં કેદ થઈ ગયા હતાં. જે બનાવની ભરૂચ એ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન ગઈકાલે પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે તેમને અગાઉ થયેલી ચોરીના ગુનામાં પકડાયેલો અલ્કેશ ગણાવા અને તેના સાગરિતો દ્વારા આ ચોરી કરાઈ હોવાની અને તેઓ હાલમાં રેલવે સ્ટેશન ગોદી રોડ પર હાજર હોવાની બાતમી મળતાં પોલીસે તે સ્થળે પહોચી તેમને ઝડપી લીધા હતાં. ત્યારબાદ તેમને પોલીસ મથકે લાવી પૂછતાછ કરતા અલ્કેશ ગણાવાએ બુસા સોસાયટીના બંધ મકાનમાં તેના ગામના અન્ય ત્રણ સાથીદારો સાથે મળીને ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે અલ્કેશ ચુનીયાભાઈ ઉર્ફે ચુનીલાલ ગણાવા, પંકજ મંગાભાઈ ડામોર, ગોવિંદ પ્રકાશભાઈ ગણાવા અને વિજય દશુભાઈ પરમારને ઝડપી લઈ તેમની પાસેથી ચોરી કરેલા દાગીના અને રોકડા રૂપિયા તેમજ મોબાઈલ મળીને કુલ રૂ.૭૦,૩૫૦નો મુદ્દામાલ રિકવર કરી તમામ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.'

**DATE: 17/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ગ્રામ પંચાયત-પોલીસે નોટિસ આપવા છતાં દબાણો હટ્યા ન હતાં

# ઝાડેશ્વર ચોકડી પાસે અંતે દબાણોનો સફાયો

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ત્રણ દિવસથી આડેધડ પાર્ક કરાતાં વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉપરાંત ઝાડેશ્વર ચોકડી પાસે સર્જાતાં ટ્રાફિકને લઈને રોડ પર કરાયેલાં દબાણો દૂર કરવા પોલીસ તેમજ ગ્રામ પંચાયત દ્વારા લારી-ગલ્લા સંચાલકોને નોટિસ આપી હતી. જોકે, તેમ છતાં દબાણો ત્યાંથી ન હટતાં ગુરૂવારે પોલીસે દબાણો દૂર કર્યાં હતાં.



ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર સર્જાતા ટ્રાફિકના નિવારણ માટે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે ત્રણ દિવસથી શહેરમાં આડેધડ પાર્ક કરાયેલાં વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ઝાડેશ્વર ચોકડી પાસે આડેધડ ઉભા રહેતાં લારી-ગલ્લાઓને કારણે ટ્રાફિક સર્જાતો હોવાની બુમો ઉઠી રહી હતી. જેના પગલે ભરૂચ પોલીસ તેમજ ઝાડેશ્વર ગ્રામ પંચાયત દ્વારા લારી-ગલ્લાવાળાઓને નોટિસ આપી દબાણો દૂર કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. જેના ત્રણ દિવસ બાદ પણ તેઓ ત્યાંથી નહીં હટતાં ગુરૂવારે ભરૂચ પોલીસની ટીમે ઝાડેશ્વર ચોકડી તેમજ તવરા રોડ પરના લારી-ગલ્લાઓ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. જોકે, લારી-ગલ્લા સંચાલકો દ્વારા કામગીરીને લઈને રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ માર્ગ પર મોટા મોટા બસ પાર્કિંગો બનાવવામાં આવેલાં છે. તેમજ કંપનીમાં ચાલતી બસો શિફ્ટના કર્મીઓને બેસાડવા ઝાડેશ્વર ચોકડી પર બસો ઉભી રાખી દેતાં હોવાથી ટ્રાફિક સર્જાય છે.

**DATE: 18/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ફેબ્રુઆરીમાં ઘરેથી નિકળી ગઇ હતી

# મુંબઈથી ગુમ થયેલી વૃદ્ધા ભરૂચમાંથી મળી આવી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

મુંબઈના મલાડ પૂર્વ વિસ્તારમાં આવેલાં માલવણી પોલીસ સ્ટેશનની હદમાં રહેતી 80 વર્ષીય તાહીરાબેગમ શેખ ગત 4 ફેબ્રુઆરીએ ઘરેથી ક્યાંક નિકળી ગયાં હતાં. સોશિયલ મીડિયા પર પણ તેમના ગુમ થવાના મેસેજ વાયરલ કરાતાં તેઓ ભરૂચ વિસ્તારમાં દેખાયાં હોવાનું માલુમ પડ્યું હતું. દરમિયાનમાં ભરૂચ -એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતે કે, તેઓ જંબુસર બાયપાસ ચોકડી પાસે હોય છે. જેના આધારે એએસઆઇ ગુલામખાન, હેકો રવિન્દ્ર તેમજ તનવીરે સ્થળ પર પહોંચી તેમને શોધી કાઢ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓ ટ્રેનમાં બેસી ભરૂચ સુધી પહોંચ્યાં હતાં. અને છેલ્લાં સાડા ત્રણ મહિનાથી સોસાયટીઓમાં ફરીને માગીને ખાઇ પોતાનું જીવન ગુજારતાં હતાં.

**DATE: 18/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વડોદરાથી કાર લઇને ચોરી કરવા આવતાં હતાં, 4 સાગરીતોની પૂછપરછ

# અંકલેશ્વરમાં ટ્રાન્ફોર્મર તોડી કોપર ચોરી જતાં રાજસ્થાનની રાવત ગેંગ સકંજામાં

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકામાં એક પછી એક ગામમાં ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપરવાયરો ચોરી જતાં રાજસ્થાનની રાવત ગેંગના ચાર સાગરિતોને પોલીસે ઝડપી પાડયાં છે. અંક્લેશ્વર પોલીસની ટીમે ભરૂચી નાકા પાસે એક ટીયુવી કારને અટકાવી તલાશી લેતાં તેમાંથી કોપરના વાયરો મળી આવ્યાં હતાં. કારમાં સવાર ચારેય ઈસમો ઉડાઉ જવાબ આપવા લાગતાં પોલીસની ટીમ સતર્ક બની હતી અને ચારેયને દબોચી લીધાં હતાં. મુળ રાજસ્થાનના પણ હાલ વડોદરાની પલ્સ સોસાયટી ખાતે રહેતા જીતેન્દ્રસિંગકરણસીં ગરાવત, જીવરાજસિંગ જગદી શસિંગ રાવત, મેનેજરસિંગ સીતારામ સિંગ રાવત અને કરણસીંગ કૃપસિંગ રાવતની અટક કરી હતી. ચારેયની આકરી પૂછપરછ કરતાં તેઓ નર્મદા નદીના કાંઠા વિસ્તારમાં આવેલાં ગામોમાંથી



ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપરની ચોરી કરતાં હતાં. આરોપીઓ પાસેથી કાર, કોપર વાયરો અને મોબાઈલ સહિત 3.50 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. રાવત ગેંગના કારનામા બહાર લાવવા ચારેય આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

**DATE: 18/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### અંકલેશ્વરથી ઉમરવાડા રોડ પરથી

# કારમાંથી ૪૯ કિલો ગાંજાના જથ્થા સાથે એકની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમા હતો. આ દરમિયાન અંકલેશ્વરથી ઉમરવાડા રોડ પર ગુજરાત ગેસ કંપની પાસે પોલીસ પોઈન્ટ નજીક એક ફોરવ્હીલ ગાડી ઉભી રખાવી તપાસ કરી હતી. જેમાં કારની ડીકીમાંથી ૪૯ કિલો ગાંજાના જથ્થા સાથે ૧૦ લાખના મુદ્દામાલ સાથે એક ઈસમની ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન અંકલેશ્વરથી ઉમરવાડા રોડ ઉપર ફોર વ્હીલ ગાડી નંબર-જી. જે.૧૬.બી.બી.૯૯૧૫ જઈ રહી હતી જેના ઉપર પોલીસને શંકા જતાં પોલીસે ગુજરાત ગેસ કંપની પાસે પોલીસ પોઈન્ટ નજીક કારને થોભાવી કારની ડીકીમાં ચેક કરતાં તેમાંથી બે પાર્સલ મળી આવ્યા હતા. પોલીસે પાર્સલમાં શું છે તે અંગે ચાલકને પૂછપરછ કરતાં તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

પોલીસે બંને પાર્સલ ખોલી જોતાં તેમાંથી ગાંજાનો ૪૯.૪૧૦ કિલો ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂા. ૪.૯૪ લાખનો ગાંજો અને કાર મળી કુલ રૂા. ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી અંકલેશ્વરની ફૈઝ પાર્ક સોસાયટીમાં રહેતા ઈસમને ઝડપીં પાડ્યો હતો. આ જથ્થો ક્યાંથી લાવ્યો હોવાનું પૂછતાં તેને ભરૂચનીં દહેગામ ચોકડી ઉપરથી એક ઈસમએ ભરી આપી કિમના એક ઈસમને આપવાનું જણાવ્યુ હતું.

**ગાંજો કિમના ઈસમને પહોચાડવામાં આવ્યો હતો**

DATE: 18/05/2024 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-02

# ચંદ્રવાણ ગામના માર્ગ પરથી બાઈક પર લઈ જવાતો દારૂ ઝડપાયો

નેત્રંગ. તા.૧૭

નેત્રંગ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ નેત્રંગ-દેડિયાપાડા પર આવેલી થવા આઉટ ચેકપોસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.

## દારૂની હેરાફેરી કરનાર બે ખેપિયા ફરાર

તે સમયે બાતમીના આધારે ચંદ્રવાણ ગામનો ગૌતમ જેઠા વસાવા અને વિનોદ વિઠ્ઠલ વસાવા સેજપુર ગામેથી એક મોટરસાયકલ પર થેલામા વિદેશી દારૂ લઈ થવા ચેકપોસ્ટ થઈ શણકોઈ ગામના પાટીયાથી અંદર થઈ ચંદ્રવાણ આવવાના હતા.

આ શખ્સો શણકોઈ ગામના પટેલ ફળીયા તરફથી ચંદ્રવાણ ગામ તરફ હેડપંપ પાસે રોડ ઉપર આવતા મોટરસાયકલ કોર્ડન કરી રોકવાનો પ્રયાસ કરતા મોટરસાયકલ ઉભુ રાખેલી ન હતી.ફરી શણકોઈ તરફ વિદેશી દારૂ ભરેલા થેલો નાખી ભાગી ગયા હતા.

પોલીસે ફેકી દીધેલા થેલાની તપાસ કરતા ૩૮ નંગ બીયર ટીન મળી આવેલા હતા.રૂ.૩૮૦૦ ફરાર થયેલા બંને ખેપિયાઓને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના માંડવા ગામે જુગાર રમતા ૬ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૭

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે માંડવા ગામના ભાથીજી મંદીરની સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે માંડવા ગામના ભાથીજી મંદીરની સામે ખુલ્લી જગ્યામાં આવેલ વડના ઝાડ નીચે જુગારધામ ચાલી રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને ફોન મળી કુલ રૂ.૩૧હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.માંડવા ગામના આહીર ફળિયામાં રહેતો પ્રવિણ ઉર્ફે પવો નટવર વસાવા,સંજય વસાવા,મહેશ વસાવા અને કેતન વસાવા,અનિલ વસાવા તેમજ હિમાંશુ વસાવાને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર સ્થિત ડાઇઝ બનાવતી કંપનીને માટે

**DATE: 19/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 10 પશુઓને ક્રુરતા પુર્વક બાંધી લઇ જવાતાં હતાં

# સોડગામ પાસે પોલીસને જોઇ ડ્રાઈવર જીપ મૂકી ભાગી છૂટ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગથી અંકલેશ્વર તરફ પશુ ભરેલી એક પિકઅપ જઈ રહી છે. જેના પગલે પોલીસની ટીમે સોડગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની પિકઅપ આવતાં પોલીસે તેને રોકવા માટે ઈશારો કરતાં પોલીસને જોઈ પિકઅપનો ડ્રાઈવર તેનું વાહન ત્યાં જ મુકી નાસી છુટ્યો હતો. પોલીસે પિકઅપમાં તપાસ કરતાં તેમાં 10 પશુઓને કૃરતાપુર્વક ઘાસચારા કે પાણીની સુવિધા વિના ટૂંકા દોરડાંથી બાંધેલાં હોવાનું જણાયું હતું. ટીમે તમામ પશુઓને મુક્ત કરી પાંજરાપોળમાં ખસેડવાની કવાયત હાથ ધરી હતી. બીજી તરફ પોલીસે વાહન નંબરના આધારે તેના માલિક તેમજ ડ્રાઈવરની વિગતો મેળવવા સાથે પશુઓ કોણે આપ્યાં અને કાંઈ લઈ જવાતાં હતાં. તેની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે. પોલીસે કુલ 2.25 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી દારૂની ખેપ મારતો એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ । અંકલેશ્વર

ગડખોલ પાટિયા રોડ વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન ભરૂચ તરફ થી એક પેસેન્જર રીક્ષા આવતા પોલીસે તેને રોકી તલાશી લીધી થતી ત્યાંએક મુસાફર બે બેગ લઈ બેઠો હતો જે બેગપોલીસે ચેક કરતા અંદર થી ઈંગ્લીશ દારૂ ના પાઉચ અને બોટલ નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ત્વરિત અસર થી રાજસ્થાન પાલી ના રહેવાસી વિક્રમ દેવરામ ઓડ ની ધરપકડ કરી હતી

### ભરૂચમાંથી બાઇકની ઉઠાંતરી કરી હતી

# મિત્રને ચોરીની બાઈક ફેરવવા માટે આપનાર ગઠિયો સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે શહેરમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, ત્રણેક મહિના પહેલાં શહેરના આંનંદ રેસ્ટોરન્ટ પાસેથી ચોરી કરાયેલી બાઈક સાથે એક શખ્સ શિતલ સર્કલ પાસે ઉપર ઉભો છે. જેના પગલે ટીમે તુરંત એક્શનમાં આવી સ્થળ પર પહોંચી શખ્સને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે જણાવ્યું હતું કે, તે બાઈ તેના મિત્ર પ્રિન્સ રાયની છે તેણે તેને બાઈક ફેરવવા માટે આપી છે. જેથી ટીમે નંદેલાવ ગામે આવેલી સચ્ચિદાનંદ સોસાયટીમાં રહેતાં પ્રિન્સ રાયને ત્યાં જઈ તેને દબોચી લીધો હતો. પોલીસની પુછપરછમાં તે તુટી પડ્યો હતો. તેણે કબુલ્યું હતું કે, ત્રણેક મહિના પહેલાં તેની પાસે બાઈક ન હોવાથી તેણે બાઈક ચોરી કરવાનું નક્કી કર્યો હતું. જે બાદ તેણે એબીસી ચોકડીપાસે આવેલાં આવેલાં આનંદ રેસ્ટોરન્ટ પાસેથી બાઈક ચોરી કરી તેની નંબર પ્લેટ કાઢી નાંખી તે ફેરવતો હતો.